શ્રી શ્યામ ઝેરોક્ષ

અહીં કલર ઝેરોક્ષ,જમ્બો ઝેરોક્ષ
સ્પાયરલ બાઈડીંગ,લેમીનેશન,
સ્ટેશનરી, રબર સ્ટેમ્પ, વગેરે કામ કરનાર.
Mo. 9909890070
શ્રી લક્ષ્મી પેલેસ, બેંક રોડ, વ્યારા.



ભલ ભલાની ખબર લેતું...

RNI No. GUJGUJ/2005/21613

# ગુજરાત રક્ષા

GUJARAT RAKSHA (Weekly, Vyara)

(સાપ્તાહિક-વ્યારા)



ગુજરાત રક્ષા - 06
WhatsApp group
સમાચારોનાં વધુ અપડેટ અને અગત્યનાં સમાચારો મેળવવા માટે ગુજરાત રક્ષાના whatsapp ગ્રુપમાં જોડાવો, આ QR Code Scan કરો.



તંત્રી : ધર્મેશ વાણી , મો.નં. ૯૩૭૭૫૩૭૦૦૦, સર્ક્યુલેશન મેનેજર : કૈલાશ સૂર્યવંશી. ❖ "Social Media Edition" વાર : સોમવાર ❖ તા.૦૮-૦૪-૨૦૨૪ ❖ પાના : ૦૪ ❖ કિંમત : ૨ રૂપિયા ❖ લીગલ એડવાઈઝર : એડવોકેટ જીગ્નેશ પાટીલ.

કાર્યાલય : ૪, મોદી બાળકોની હોસ્પિટલની નીચે, પહેલા માળે, વૈભવ કોમ્પ્લેક્ષ, વૈભવ સીનેમાની બાજુમાં,વ્યારા -૩૯૪૬૫૦, જી.તાપી (ગુજરાત). Website : www.gujaratraksha.com, Email : gujaratraksha@yahoo.co.in


## ઈરાન પર વળતો પ્રહાર કરે ઈઝરાયલ, પરંતુ... બાઈડેને નેતન્યાહુ સામે મૂકી આ શરત



મધ્ય-પૂર્વમાં તણાવ સતત વધી રહ્યો છે. ઈઝરાયલ સતત લેબનોન પર હુમલો કરી રહ્યું છે. જેનો જવાબ આપતાં ઈરાન અને લેબનોન તરફથી પણ ઈઝરાયલ પર હવાઈ હુમલા થઈ રહ્યા છે. ઈરાન અને ઈઝરાયલ વચ્ચે ચાલી રહેલા યુદ્ધ વચ્ચે અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડેને કહ્યું કે, ઈઝરાયલ ઈરાન વિરૂદ્ધ જવાબી કાર્યવાહી કરી શકે છે. પરંતુ હુમલામાં પણ સાવચેતી રાખવાની જરૂર છે. બાઈડેને ઈઝારયલને આગ્રહ કર્યો છે કે, તે ઈરાનના પરમાણુ પ્લાન્ટ પર હુમલો ન કરે.શું બોલ્યા પૂર્વ મુખ્યમંત્રીઈઝરાયલના પૂર્વ મુખ્યમંત્રી નફ્તાલી બેનેટે કહ્યું કે, 'ઈરાન છેલ્લા ૩૦ વર્ષથી ઈઝરાયલીઓને નિશાન બનાવી રહ્યું છે. તેણે તેના આતંકવાદી નેટવર્ક - હિઝબુલ્લાહ, હમાસ, ઈસ્લામિક જેહાદ અને અન્યની મદદથી ઈઝરાયલને ઘેરી લેવા અને હુમલો કરવા ઉભા કર્યા છે. ઈરાનની સરકારે આ આતંકવાદીઓને પૈસા, તાલીમ અને હથિયારો પૂરા પાડ્યા હતા. જો તે ઈઝરાયલની અદ્ભુત ટેક્નોલોજી ન હોત તો આ મિસાઈલો હજારો નિર્દોષ લોકોની હત્યા કરી શકી હોત.પરમાણુ પ્લાન્ટ પર હુમલાની તૈયારી ઈઝરાયલના પૂર્વ વડાપ્રધાન નફ્તાલી બેનેટે પોતાના હેન્ડલ પર સ્પષ્ટ લખ્યું હતું કે હવે ઈરાનના પરમાણુ પ્લાન્ટ સામે કાર્યવાહી કરવાનો સમય આવી ગયો છે. તેમના કેન્દ્રીય ઉર્જા કેન્દ્રોનો સંપૂર્ણ નાશ કરો. જેથી આતંકવાદીઓના સામ્રાજ્યનો અંત લાવી શકાય. આ હુમલો આતંકના ઓક્ટોપસના માથા પર થશે.ફ્રાન્સની કંપની પર કર્યો હુમલોઈઝરાયલે લેબનોનની રાજધાની બેરૂતમાં ફ્રેન્ચ મલ્ટીનેશનલ કંપની ટોટલ એનર્જીસ ગેસ સ્ટેશનને નિશાન બનાવ્યું છે. ઈઝરાયલ દ્વારા આ હુમલો એવા સમયે કરવામાં આવ્યો છે જ્યારે ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન અને નેતન્યાહુ વચ્ચે શાબ્દિક યુદ્ધ ચાલી રહ્યું છે, રિપોર્ટ અનુસાર ઈઝરાયલે બેરુતના દક્ષિણી ઉપનગરમાં ફ્રાન્સની કંપની ટોટલ એનર્જીસ પર હવાઈ હુમલો કર્યો છે. મળેલી માહિતી મુજબ, આ હુમલા બાદ સ્ટેશન પર ભીષણ આગ ફાટી નીકળી હતી. જો કે, કોઈ જાનહાનિ થઈ નથી.

## પ્રોફેટ મોહમ્મદ પર ટીપ્પણી કરી યતિ નરસિંહાનંદ ફસાયા, યુપી પોલીસે કસ્ટડીમાં લીધા



**ગાઝિયાબાદઃ** મોહમ્મદ પયંગબર પર વાંધાજનક ટીપ્પણી કરવા બદલ યતિ નરસિમ્હાનંદ સામે એફ આઈ આર નોંધાયાના બે દિવસ બાદ શનિવારે યુપી પોલીસે તેમને કસ્ટડીમાં લીધા હતાં. જો કે, અટકાયત અંગે કોઈ સત્તાવાર નિવેદન બહાર આવ્યું નથી. એક અહેવાલ મુજબ તેના સહયોગીઓએ પણ કહ્યું કે તેમને ગાઝિયાબાદમાં અટકાયત માં લેવામાં આવ્યા છે.નરસિમ્હાનંદની ટીપ્પણીને કારણે ઉત્તર પ્રદેશ ઉપરાંત અન્ય રાજ્યોમાં મુસ્લિમ સમુદાયમાં રોષની લાગણી ફેલાઈ છે. તેઓ વાંધાજનક ટિપ્પણી કરતા હોય એવો વીડિયો વાયરલ થઈ રહ્યો છે.યતિ નરસિંહાનંદ દાસના મંદિરના મુખ્ય પૂજારી છે. તેઓ મુસ્લિમ સમુદાયો વાંધાજનક ટિપ્પણી કરવા અને હેટ સ્પીચ આપવા માટે કુખ્યાત છે અને તેમની સામે ઘણા કેસ છે. તેમના નજીકના સહયોગી અને યતિ નરસિંહાનંદ સરસ્વતી ફાઉન્ડેશનના જનરલ સેક્રેટરી ઉદિતા ત્યાગીએ દાવો કર્યો હતો કે તેમની અટકાયત કરવામાં આવી છે.વિધાનસભ્ય નંદ કિશોર ગુર્જરે એનકાઉન્ટર ની માંગ કરીઃયતિ નરસિંહાનંદની ટીપ્પણીઓનો વિડીયો વાયરલ થયા બાદ શુક્રવારે રાત્રે ગાઝિયાબાદના દશના દેવી મંદિરની બહાર ભીડ એકઠી થઈ ગઈ હતી. પોલીસે ભીડને વિખેરી નાખી અને મંદિરની બહાર સુરક્ષા વધારી દીધી હતીન.દરમિયાન, ભારતીય જનતા પાર્ટીના વિધાનસભ્ય નંદ કિશોર ગુર્જરે આરોપ લગાવ્યો કે શુક્રવારે નર સિમ્હાનંદના મંદિર પર હુમલો કરવામાં આવ્યો હતો અને જવાબદારોને એન્કાઉન્ટર માં ઠાર કરવા જોઈએ. પોલીસે મંદિર પર કોઈ હુમલાની પુષ્ટિ કરી નથી. ગાઝિયાબાદના ઉચ્ચ પોલીસ અધિકારીએ જણાવ્યું કે શુક્રવારે રાત્રે કેટલાક યુવકોએ મંદિર પરિસરની બહાર હોબાળો મચાવ્યો હતો. મંદિર સંસ્થાએ સ્થાનિક પોલીસને મામલાની જાણ કરી અને પરિસ્થિતિ કાબૂમાં આવી. શનિવારે દાસના મંદિરે ગયેલા નંદ કિશોર ગુર્જરે કહ્યું કે પોલીસે રાત્રે લાઠીચાર્જ કરવાનું નાટક કર્યું હતું, પરંતુ રાત્રે ૧૦-૨૦ લોકોને ગોળી મારીને એન્કાઉન્ટર કરવું જોઈતું હતું. આ હુમલો સમગ્ર હિન્દુત્વ પર છે.મહારાષ્ટ્ર અને તેલંગાણામાં પણ ફરિયાદ નોંધાઈ: અનેક રાજ્યોમાં પોલીસ ફરિયાદો નોંધાઈ હતી. AIMIMના પ્રમુખ અસદુદ્દીન ઓવૈસી શનિવારે હૈદરાબાદ ના પોલીસ કમિશનર સી વી આનંદને મળ્યા અને નરસિંહાનંદ સામે ફોજદારી કેસની માંગણી કરી. બાદમાં તેલંગાણા પોલીસે તેની સામે એફઆઈઆર નોંધી હતી. મહારાષ્ટ્રના અમરાવતી શહેરમાં પણ નરસિંહાનંદ વિરુદ્ધ FIR નોંધવામાં આવી હતી.પહેલા પણ યતિ નરસિમ્હાનંદ આપી ચુક્યા છે ઉશ્કેરણીજનક નિવેદનઃઆ પહેલીવાર નથી જ્યારે યતિ નરસિમ્હાનંદે આવી ટિપ્પણી કરી હોય. આ પહેલા વર્ષ ૨૦૨૧માં તેણે હરિદ્વારમાં ધર્મ સંસદમાં પણ નફરત ભર્યું ભાષણ આપ્યું હતું. આ કેસમાં તેની ધરપકડ કરવામાં આવી હતી અને આ કેસમાં જામીન પર હોવા છતાં તે દિલ્હીમાં મહાપંચાયત કરી હતી અને પછી આવી જ ટિપ્પણી કરી હતી.

## માં બમ્લેશ્વરીના મંદિરમાં મચી નાસભાગ, દુર્ઘટના માં એક વૃદ્ધ મહિલાના મૃત્યુથી ખળભળાટ



છત્તીસગઢના ડોંગરગઢ માં નવરાત્રિ દરમિયાન માં બમ્લેશ્વરીના દર્શન કરવા હજારોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ જતા હોય છે. આ વર્ષે પણ મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ માતાજીના દર્શન કરવા ઉમટી રહ્યા છે. આ દરમિયાન શનિવારે (૬ ઓક્ટોબર) મંદિરમાં મોટી દુર્ઘટના સર્જાઇ છે, અહીં ભીડ અચાનક અનિયંત્રિત થતા નાસભાગ મચી હતી. આ ઘટનામાં એક વૃદ્ધ મહિલાનું મોત થયું છે, જ્યારે કેટલાક અન્ય લોકો ઈજાગ્રસ્ત થયા છે. અહેવાલ મુજબ, ભીડ એટલી મોટી સંખ્યામાં હતી કે નાસભાગ દરમિયાન સુરક્ષા માટે લગાવાયેલા બેરિકેડ્સ પણ તૂટી ગયા હતા. શ્રદ્ધાળુઓ ઉતાવળ ન કરેઃ કલેક્ટરઆ ઘટનાથી સમગ્ર ડોંગરગઢમાં શોકની લાગણી ફેલાઈ છે. આ ઘટના પર શ્રદ્ધાળુઓને અપીલ કરતા કલેક્ટરે કહ્યું કે, તમામ શ્રદ્ધાળુઓથી આગ્રહ છે કે વ્રત રાખવાથી, પગપાળા ચાલવાથી તેમજ ભીડના કારણે ગભરામણ થઈ શકે છે. માટે અપીલ કરવામાં આવે છે કે શ્રદ્ધાળુઓ માતાજીના દર્શન માટે ઉતાવળ ન કરે અને સંયમ રાખે. મંદિરમાં નાસભાગ મચી જતા એક વૃદ્ધ મહિલાનું મોત થયું છે, જ્યારે કેટલાક લોકોને સામાન્ય ઈજાઓ પહોંચી છે.

## હરિયાણાના નવા મુખ્ય પ્રધાન માટે કોનું નામ રેસમાં?: ભૂપેન્દ્ર સિંહએ કરી દીધી સ્પષ્ટતા



**નવી દિલ્હીઃ** હરિયાણા વિધાનસભા ચૂંટણીને લઈને જાહેર થયેલા એક્ઝિટ પોલના કોંગ્રેસની સરકાર બની રહી હોવાની સ્પષ્ટ આગાહી કરવામાં આવી, ત્યારબાદ હવે રાજ્યના આગામી મુખ્ય પ્રધાનનો ચહેરો કોણ બની રહેશે તેના પર અટકળો તેજ થઈ છે અને સૌનું ધ્યાન પણ એ જ બાબત પર કેન્દ્રિત થયું છે. જોકે, એક્ઝિટ પોલ ઘણીવાર ખોટા પણ ઠર્યા છે. આ દરમિયાન હરિયાણાના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન અને કોંગ્રેસના નેતા ભૂપેન્દ્ર સિંહ હુડ્ડાએ કહ્યું હતું કે જો આગામી મુખ્ય પ્રધાન વિશે કોઈ નિર્ણય લેવાની વાત છે, તો નિર્ણય "હાઈ કમાન્ડ" દ્વારા લેવામાં આવશે.હરિયાણા વિધાનસભા માં ૯૦ બેઠકો છે અને વિધાનસભા માં બહુમતી માટે ૪૬ સીટોની જરૂર છે. મોટાભાગના એક્ઝિટ પોલમાં કોંગ્રેસને ૪૪થી ૬૧ બેઠકો મળી રહી છે તેવો દાવો કરવામાં આવ્યો છે.કોંગ્રેસના વરિષ્ઠ નેતા કુમારી શૈલજા અને રણદીપ સુરજેવાલાએ પણ મુખ્ય પ્રધાન બનવાની મહત્વાકાંક્ષા વ્યક્ત કરી રહ્યા હોવા વિશે જ્યારે ભૂપિન્દર સિંહ હુડ્ડાને મીડિયા દ્વારા પૂછવામાં આવ્યું ત્યારે તેમણે કહ્યું કે "અમે હાલ વધારે બેઠકો જીતવાની આશા રાખીએ છીએ. ભાજપના શાસનમાં કાયદો અને વ્યવસ્થા ખાડે ગઈ છે, ભ્રષ્ટાચાર એટલો વધી ગયો છે કે રમતગમતના ક્ષેત્રને પણ ભરડામાં લીધું છે. જ્યાં સુધી સવાલ મંત્રીમંડળ કે સરકાર બનાવવાની છે તો તે નિર્ણય હાઈ કમાન્ડ લેશે.'કોંગ્રેસના વરિષ્ઠ નેતા કુમારી શૈલજા અને રણદીપ સુરજેવાલા પણ મુખ્ય પ્રધાન બનવાની મહત્વાકાંક્ષા વ્યક્ત કરી રહ્યા છે, આ પ્રશ્નના જવાબમાં હુડ્ડાએ કહ્યું હતું કે, આ લોકશાહી છે. દરેકે આકાંક્ષાઓ રાખવી જોઈએ. તમારી પણ આકાંક્ષાઓ હોઈ શકે છે. પરંતુ ધારાસભ્યો નક્કી કરશે, હાઈકમાન્ડ નક્કી કરશે." ૨૭ સપ્ટેમ્બરના રોજ એક ચૂંટણી રેલીને સંબોધતા હુડ્ડાએ હરિયાણામાં કોંગ્રેસને પ્રચંડ બહુમત મળશે તેવી ભવિષ્યવાણી કરી હતી. તેમણે આંતરિક વિખવાદોની વાતોને નકારી કાઢતા કહ્યું હતું કે મુખ્યમંત્રી પદ માટે એક કરતાં વધુ દાવેદારો હોવાના કારણે પાર્ટી વધુ મજબૂત થશે.

## એક્ઝિટ પોલથી ભાજપ ટેન્શનમાં, જમ્મુ-કાશ્મીર માં સત્તા મેળવવા વ્યૂહનીતિ ઘડવાનું શરૂ!



જમ્મુ કાશ્મીરમાં ૯૦ વિધાનસભા બેઠકો પર ત્રણ તબક્કામાં મતદાન થઈ ચૂક્યું છે. હવે મતગણતરી આઠમી ઑક્ટોબરે થશે. સી વોટરના એક્ઝિટ પોલ અનુસાર, જમ્મુ કાશ્મીરમાં કોંગ્રેસ-નેશનલ કોન્ફરન્સ ગઠબંધનને બહુમતી મળતી જોવા મળી રહી છે. ૯૦ બેઠકો વાળા રાજયમાં કોંગ્રેસ-નેશનલ ગઠબંધનને ૪૦-૪૮ બેઠકો, ભાજપને ૨૭-૩૨ બેઠકો, પીડીપીને ૬-૧૨ બેઠકો, અન્યના ખાતામાં ૬-૧૧ બેઠકો મળવાનો અંદાજ છે. આ દરમિયાન ભાજપે જમ્મુ-કાશ્મીરમાં સત્તા મેળવવા વ્યૂહનીતિ ઘડવાનું શરૂ કર્યું છે.ભાજપની વ્યૂહનીતિ શું છે?સૂત્રોના જણાવ્યાનુસાર, ભાજપ ઘણાં અપક્ષો અને નાના પક્ષોના નેતાઓના સંપર્કમાં છે. ભાજપે આ વ્યૂહરચના હેઠળ આ વખતે ઘાટીની તમામ સીટો પર ચૂંટણી નહીં લડવાનો નિર્ણય લીધો હતો. વર્ષ ૨૦૧૪માં ભાજપે ૭૫ ઉમેદવારો ઊભા રાખ્યા હતા, આ વખતે પાર્ટી માત્ર ૬૨ બેઠકો પર ચૂંટણી લડી હતી. ભાજપના નેતાઓના મતે, જો પાર્ટી સૌથી મોટી પાર્ટી તરીકે ઊભરી આવશે, તો કોઈપણ વિલંબ કર્યા વિના તે અપક્ષ અને નાના પક્ષમાંથી જીતેલા ધારાસભ્યોના આધારે સરકાર બનાવવાનો દાવો કરશે.ક્લીન સ્વીપની અપેક્ષા ભાજપને આશા છે કે તે છેલ્લી વખતની જેમ જમ્મુમાં ક્લીન સ્વીપ કરશે. ગત ચૂંટણીમાં ભાજપને ૨૫ બેઠકો મળી હતી. આ વખતે ભાજપનું આકલન છે કે બેઠકની સંખ્યા વધીને ૨૮-૩૫ થઈ શકે છે. જો કે, કેટલાક નેતાઓનું માનવું છે કે જો ટિકિટ વિતરણમાં કોઈ ગેરરીતિ ન થઈ હોત તો આ સંખ્યા હજુ પણ વધી શકી હોત. યોગ્ય રીતે ટિકિટની વહેંચણી ન થવાને કારણે જમ્મુ ક્ષેત્રની કેટલીક બેઠકો પર ભાજપને બળવોનો સામનો કરવો પડ્યો હતો.પાંચ ધારાસભ્યો પણ વ્યૂહનીતિનો ભાગ અહેવાલો અનુસાર, કોંગ્રેસના કેટલાક બળવાખોરો નેતાઓ પર પણ ભાજપની નજર છે.

# મુંગેરી લાલ કે હસીન સપનેં જેવા ફેસ્ટિવલ્સ પાછળ તાયફા કરવાથી સાપુતારાનું ભલું નહીં થાય, જંગલો નો વિનાશ અને સિમેન્ટના જંગલો !!

## વૃક્ષોનાં વિનાશમાં સાપુતારાની ચમક ઝાંખી પડી ગઈ, ઉપરાંત ગુજરાતના ટુરિસ્ટ મહારાષ્ટ્ર તરફ વિકસી રહેલા સ્થળો તરફ વળી ગયા



## ફક્ત મુંગેરી લાલ કે હસીન સપનેં જેવા ફેસ્ટિવલ્સ પાછળ તાયફા કરવાથી સાપુતારાનું ભલું નહી થાય, બોટિંગ, રોપ-વે સહિતની મનોરંજન એક્ટિવિટી પણ શરૂ થવી જોઈએ, તો જ પ્રવાસીઓ સાપુતારામાં આવશે

**(અર્જુન જાધવ દ્વારા, વઘઈ) :** સાપુતારાના વિકાસ માટે રોજગાર મળવાની આશાએ નવાગામના લોકો વિસ્થાપિત થયા, પરંતુ સાપુતારાને શાસકોએ સિમેન્ટ કોંક્રીટનું જંગલ બનાવી દીધુ..

સાપુતારા એ સુરતીઓ સહિત આસપાસના જિલ્લાના પ્રવાસીઓ માટે ફેવરિટ ડેસ્ટિનેશન છે. પણ આ વ્યાખ્યા હવે બદલાઈ રહી છે. વિકાસના નામે સાપુતારા સાથે કરાતી કનડગતથી સાપુતારા ધીરે ધીરે ભુલાઈ રહ્યું છે. સ્ટ્રીટલાઈટ, રસ્તા, ગટરો, સ્વછતા અને ડેવલોપમેન્ટ અધિકારીના અભાવે આજે સાપુતારાની હાલત ધણીધોરી વિનાની છે.પરંતુ કોઈ અવાજ સરકારના કાને પહોંચતો નથી. જેનો ફાયદો મહારાષ્ટ્રનું પ્રવાસન ધામ લઈ જશે એમાં કોઈ બેમત નથી.ડાંગનાં ખૂબસૂરત જંગલોને કારણે વર્ષો પહેલાં સાપુતારાનો વિકાસ કરવાનો ખ્યાલ આવ્યો હતો. અને એ માટે આજે જે લોકો નવાગામમાં વસ્યા છે એમણે પોતાનું સર્વસ્વ ન્યોછાવર કરી દીધું. રોજગાર મળશે તો બે પાંદડે થઈશું એવી આશાએ વડવાઓની જમીન છોડી. પરંતુ નવાગામના લોકો આજે એવી સ્થિતિમાં મુકાઈ ગયા છે કે રોજગાર પણ નથી મળતો. અહીંના લોકો કિસ્મતના ભરોસો દિવસો કાપી રહ્યા છે. સદીના મહાનાયકે જે સાપુતારાને ગુજરાત કી આંખો કા તારા કહ્યું છે એ હવે ગુજરાતની આંખોનો ખરતો તારો છે. નજીકમાં મહારાષ્ટ્રમાં પ્રવાસન ધામનો જોરદાર વિકાસ થવા માંડ્યો છે. જે લોકો લહેરીલાલા છે એને તો મહારાષ્ટ્રમાં મોજ પડી જાય.

# એલ.એચ.ભકત સાર્વજનિક હાઈસ્કૂલ ઘાટા ખાતે ગણિત-વિજ્ઞાન અને પર્યાવરણ પ્રદર્શન કાર્યક્રમ યોજાયો



**(પ્રતિનિધિ દ્વારા, વ્યારા)** : તાપી જિલ્લા SVS-I ™wt 16મું ગણિત-વિજ્ઞાન અને પર્યાવરણ પ્રદર્શન ૨૦૨૪-૨૫નો કાર્યક્રમ વ્યારા તાલુકાના એલ.એચ. ભકત સાર્વજનિક હાઈસ્કૂલ ઘાટા ખાતે યોજાયો હતો.કાર્યક્રમના ઉદઘાટક તરીકે શ્રી ગોવિંદભાઈ ગાંગોડા હાજર રહ્યા. સંસ્થાના પ્રમુખશ્રી ઉમેશભાઈ પી. ગામીત, મંત્રીશ્રી હરિકૃષ્ણ એન.ભકત તથા SVS-1 કન્વીનરશ્રી આશિષભાઈ શાહ, આચાર્યશ્રી સંતોષકુમાર સી.વસાવા તેમજ શિક્ષકગણ ની હાજરીમાં કાર્યક્રમને ખુલ્લો મુકયો હતો. આ પ્રદર્શન કાર્યક્રમમાં કુલ ૭૧ શાળાઓ દ્વારા કુલ-૧૦૩ જેટલી કૃતિઓ રજુ કરવામાં આવી હતી. જેમાં માધ્યમિક વિભાગ માંથી ૮૮ કૃતિઓ અને ઉચ્ચતર માધ્યમિક વિભાગ માંથી ૧૫ કૃતિઓ પ્રદર્શન માં મુકવામાં આવી હતી. દરેક વિભાગમાંથી એક-એક શ્રેષ્ઠ કૃતિ તરીકે પસંદ થઈ હતી.કુલ-૦૫ કૃતિઓને શ્રેષ્ઠ કૃતિ તરીકે જાહેર કરવામાં આવી હતી.

# જમાઈ દ્વારા વિધવા સાસુનાં પેન્શનની માંગણી કરી હેરાનગતિ કરતા સાસુએ માંગી ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઇનની મદદ

**(પ્રતિનિધિ દ્વારા, વ્યારા) :** આજ રોજ વ્યારા તાલુકાના એક ગામમાંથી એક માજીએ ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન પર ફોન કરી જણાવેલ કે તેમનો જમાઈ તેમની સાથે ઝઘડો કરી રહ્યો છે જેથી મદદની જરૂર છે.કોલ આવતા તાપી ૧૮૧ અભયમ્ મહિલા હેલ્પલાઈન ટીમ તાત્કાલિક મદદ માટે નીકળી જણાવેલ સરનામે પહોંચી માજી ને મળી તેમની સમસ્યા જાણી તો તેમણે જણાવેલ કે તેમના પતિ સરકારી પટાવાળા ની નોકરી કરતા હતા તેમની ત્રણ દીકરી અને બે સાવકા દીકરા છે. માજી હાલ એકલા પોતાની નાની ઝોપડી બનાવીને રહે છે. બે દીકરી સાસરે ગઈ છે અને નાની દીકરી ઘરની બાજુમાં જ સાસરે ગઈ છે. એમના જમાઈ ને દારૂનું વ્યસન છે વ્યસન કરી દરરોજ માજી ની પાસે પૈસાની માંગણી કરે છે તેમના પેન્શનમાંથી નાની દીકરીના ભાગના પૈસા તેમને જોઈએ છે અને તે પૈસાની માંગણી કરી માજી ને હેરાન ગતિ કરે છે અને ઘરે ઝઘડો કરવા માટે આવે છે. મારામારી કરવા માટે આવે છે જેથી તેમને સમજાવવા માટે માજીએ મદદ માગી સ્થળ પર સામા પક્ષાને બોલાવી તેમનો અસરકારક કાઉન્સિલિંગ કરી સમજાવેલ માજી સિનિયર સિટીઝન છે. અને તેમને પોતાનું પેન્શન મળે છે જેમાંથી પોતાનું ગુજરાન ચલાવે છે તેમજ ઘરખર્ચ અને માંદગીમાં પૈસાવાપરે છે. જેથી માજી પાસે પેન્શનના પૈસાની માંગણી ન કરવી. લડાઈ ઝઘડો ના કરવો તેમજ હાથ ચાલાકી ના કરવી. જે વિશે સમજ આપી સમજાવેલ. માજી ને પોલીસ કાર્યવાહી વિશે તેમજ કાયદાકીય સમજ આપી માજીના જમાઈ હવે પછી તેમની પાસે પૈસાની માંગણી નહી કરે અને નશો કરી તેમની સાથે ઝઘડો કરવા નહી જાય જેની લેખિત બાહેધરી આપેલ. જેથી માજીએ સ્થળ પર સમાધાન કરેલ છે અને ફરી જરૂર જણાય તો ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન પર ફોન કરી મદદ મેળવવા માટે જણાવેલ છે.

# સ્વચ્છતા હી સેવા કાર્યક્રમ અંતર્ગત સ્વચ્છતા અભિયાન માઁ શિવદૂતી સાયન્સ સ્કૂલમાં યોજાયો




નહેરૂ યુવા કેન્દ્ર સંગઠન (યુવા કાર્યક્રમ અને ખેલ મંત્રાલય, ભારત સરકાર) દ્વારા માઁ શિવદૂતી સાયન્સ સ્કૂલ, વ્યારા ખાતે આજ રોજ ગાંધી જયંતિ નિમિતે તથા સ્વચ્છ ભારત મિશન અંતર્ગત "સ્વચ્છતા હી સેવા"નો સ્વચ્છતા અભિયાન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં શાળાના વિદ્યાર્થીઓ તેમજ શાળાના કર્મચારીઓ આ સ્વચ્છતા અભિયાન કાર્યક્રમમાં ૧૫૦થી વધુ વિદ્યાર્થીઓ તથા શાળા સ્ટાફ વિગેરે જોડાયા હતા. આ સ્વચ્છતા અભિયાનમાં શાળાનું ગાર્ડન, રમત—ગમત મેદાન, છાત્રાલય તથા શાળા પરિસરમાં વિદ્યાર્થીઓએ સાફ—સફાઈ કરી શાળા પરિસરને સ્વચ્છ બનાવ્યું હતુ. આ કાર્યક્રમમાં જોડાયેલ વિદ્યાર્થીઓને માય ભારત કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમનું આયોજન નહેરૂ યુવા કેન્દ્ર, સુરતના જિલ્લા યુવા અધિકારીશ્રી, સચીન શર્માના માર્ગદર્શન હેઠળ દ્રરૂફ- રાજપુત વરૂણ અજયસિંહએ આ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# માંડવીની નરેના આશ્રમશાળાની વિદ્યાર્થિઓને કોઈક બહાને રૂમમાં બોલાવી શારીરિક અડપલાં કર્યા



**બારડોલી,**રાજ્યમાં વધુ એક શિક્ષકે ગુરુ-શિષ્યનાં સબંધોને શર્મસાર કર્યો છે. સુરતમાં આચાર્યએ વિદ્યાર્થીનીઓ સાથે શારીરિક અડપલાં કર્યા હતા. માંડવી તાલુકાની નરેના આશ્રમ શાળાની એક ઘટના સામે આવી છે. અગાઉ પણ આચાર્યએ વિદ્યાર્થીની સાથે છેડછાડ કરી હતી. માંડવી પોલીસ સ્થળ પર પહોંચી હતી અને નરાધમ આચાર્યની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.સુરત જિલ્લાના માંડવી તાલુકાના નરેના આશ્રમ શાળામાં વિદ્યાર્થીનીઓની છેડતીનો બનાવ સામે આવ્યો છે. ગુરુ અને શિષ્યના સંબંધને શર્મસાર કરતી આ ઘટનાને લઈ લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. આ બનાવ તા. ૨૪ જૂલાઈનો છે. આશ્રમ શાળાનાં આચાર્ય યોગેશ નાથુ પટેલે વિદ્યાર્થિનીને પોતાના રૂમમાં બોલાવી શારીરિક અડપલાં કર્યા હતા.જે બાદ સમગ્ર મામલે સુરત જિલ્લા આદિજાતિ આશ્રમ શાળા અધિકારીએ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદને આધારે પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. જેમાં આશ્રમ શાળાની એક નહી પરંતુ ૪ જેટલી વિદ્યાર્થિનીઓ સાથે છેડતી થઈ હોવાનું સામે આવ્યું હતું. પોલીસે ઘટનાસ્થળે પહોંચી તમામ વિદ્યાર્થિનીઓના નિવેદનો લઈ આગળની વધુ તપાસ હાથ ધરી છે.નરેના આશ્રમ શાળામાં કુલ ૮૦ વિદ્યાર્થિની ઓ છે. જેમાંથી મોટાભાગની વિદ્યાર્થિની ઓ સાથે આચાર્ય દ્વારા છેડતી કરી હોવાનું તપાસમાં બહાર આવ્યું છે. ત્યારે હાલ પોલીસે ૪ વિદ્યાર્થિનીને ભોગ બનનાર તરીકે રાખી છે તેમજ અન્ય વિદ્યાર્થિનીઓની પૂછપરછ ચાલી રહી છે. નરાધમ આચાર્ય યોગેશ પટેલ છેલ્લા ૧૦ વર્ષથી આશ્રમ શાળામાં આચાર્ય તરીકે ફરજ બજાવતો હતો. ત્યારે હજુ કેટલી વિદ્યાર્થિનીને આચાર્યએ હવસનો શિકાર બનાવી છે તે દિશામાં પણ પોલીસ તપાસ કરી રહી છે.

આદિજાતિ વિભાગ દ્વારા ચાલતી આશ્રમ શાળામાં મોટાભાગના આદિવાસી વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. ત્યારે આદિવાસી વિદ્યાર્થીનીઓ સાથે આ રીતે શારીરિક અડપલાં થતાં આદિવાસી સમાજમાં પણ ભારે રોષ જોવા મળી રહ્યો છે. સમગ્ર ઘટનાને લઈ આદિવાસી સમાજના આગેવાનોએ નરાધમ આચાર્યને કડકમાં કડક સજા થાય તેવી કાર્યવાહી કરવા માગ કરવામાં આવી છે.આશ્રમ શાળામાં ગરીબ આદિવાસીના બાળકો અભ્યાસ કરે છે, ત્યારે આદિવાસી વિદ્યાર્થીઓ માટે ગુરુ સમાન હેવાન નરાધમે નિમ્ન કૃત્ય કરતાં લોકોમાં રોષ ભભુકી ઉઠ્યો છે. હાલ પોલીસે નરાધમ આચાર્યની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# જે.કે પેપર મીલ, થર્મલ પારવ સ્ટેશન ઉકાઇ, HIL birla ઇન્ડસ્ટ્રી, વ્યારા ટાઇલ્સ ઓદ્યોગિક એકમોના અધિકારી-કર્મચારીઓ, લેબરો સ્વચ્છતા અભિયાનમાં જોડાયા તાપી જિલ્લામાં સ્વચ્છતા હી સેવા અભિયાન બન્યું વેગવાન



## તાપી જિલ્લામાં આવેલ નાના મોટા ઔદ્યોગિક એકમોમાં સ્વચ્છતા અભિયાન

**(પ્રતિનિધિ દ્વારા, વ્યારા)** : ૨ ઑક્ટોબર -મહાત્મા ગાંધીજીના જન્મ દિવસને સમગ્ર ભારતમાં 'સ્વચ્છ ભારત દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આ વર્ષે પણ 'સ્વચ્છ ભારત મિશન'ના ૧૦ વર્ષની ઉજવણીના ભાગરૂપે સમગ્ર દેશમાં "સ્વચ્છતા હી સેવા અભિયાન : સ્વભાવ સ્વચ્છતા, સંસ્કાર સ્વચ્છતા" અભિયાનનું આહ્વાન કર્યું છે ત્યારે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ગુજરાતમાં પણ તા. ૩૧ ઓકટોબર સુધી "સ્વચ્છતા હી સેવા" અભિયાન ચલાવવા માં આવશે.તાપી જિલ્લામાં સ્વચ્છતા હી સેવા અભિયાન વેગવંતુ બન્યું છે. ત્યારે આજરોજ તાપી જિલ્લામાં આવેલ નાના મોટા ઔદ્યોગિક એકમોમાં "સ્વચ્છતા હી સેવા ૨૦૨૪" કાર્યક્રમ અંતર્ગત સ્વચ્છતા ડ્રાઈવ યોજાઇ હતી. જેમાં સોનગઢ જે.કે પેપર મીલ, થર્મલ પારવ સ્ટેશસન ઉકાઈ, વાલોડના HIL birla ઈન્ડસ્ટ્રી, વ્યારા ટાઈલ્સ જેવા ઓધૌગિક એકમના અધિકારી-કર્મચારી ઓ, લેબરોએ રેસીડેંસિયલ કોલોની અને ઔદ્યોગિક એમમોમાં સાફસફાઈ કરી સ્વચ્છતા અંગેના શપથ ગ્રહણ કર્યા હતા.

ગુજરાત રક્ષા

**તંત્રી સ્થાનેથી**

## યુએનએસસીમાં કાયમી સભ્યપદની ભારતની ઈચ્છા નહીં ફળે

ભારતને યુનાઈટેડ નેશન્સ સિક્યુરિટી કાઉન્સિલ (યુએનએસસી)માં કાયમી સભ્યપદનો મુદ્દો ફરી ચર્ચામાં છે. એક તરફ યુનાઈટેડ નેશન્સના સંમેલનમાં ભારતે ફરી એક વાર યુનાઈટેડ નેશન્સ સિક્યુરિટી કાઉન્સિલ (યુએનએસસી)માં પોતાને કાયમી સભ્યપદ આપવાનો મુદ્દો ઉગ્રતાથી ઉઠાવ્યો તો બીજી તરફ સોશિયલ મીડિયામાં એક પોસ્ટ વાઈરલ થઈ રહી છે. આ પોસ્ટમાં દાવો કરવામાં આવી રહ્યો છે કે, ભારત વીટો પાવર સાથે યુએનએસસીનું કાયમી સભ્ય બની ગયું છે. યુએનએસસીમાં અગાઉ માત્ર પાંચ દેશો પાસે વીટો વાપર સાથે કાયમી સભ્યપદનો આ દરજ્જો હતો પણ હવે છ દેશો પાસે વીટો પાવર સાથે કાયમી સભ્યપદ છે.વોટ્સએપમાં ફોરવર્ડ કરાતા મેસેજ બહાર જેમની દુનિયા નથી એવા અબૂધ ને ગમાર લોકો આ પોસ્ટને વાઈરલ કરી રહ્યા છે તેથી યુનાઈટેડ નેશન્સમાં ભારતને કાયમી સભ્યપદ મળ્યું હોય કે ના મળ્યું હોય પણ વોટ્સએપ પર તો મળી જ ગયું છે. જે લોકો આ પોસ્ટને વાઈરલ કરી રહ્યા છે એ લોકોમાં એટલી અક્કલ પણ નથી કે કમ સે કમ યુનાઈટેડ નેશન્સની વેબસાઈટ પર જઈને ચકાસણી કરી લે. એટલી બુદ્ધિ ના ચાલે તો કોઈ પણ ન્યુઝ વેબસાઈટ પર જઈને તપાસ કરે તો પણ ભારત વીટો પાવર સાથે યુએનએસસીનું કાયમી સભ્ય બની ગયું છે કે નહીં તેની ખબર પડી જાય પણ આ દેશની બહુમતી પ્રજાએ અજ્ઞાનીઓ દ્વારા ફેલાવાતી વાતોને જ જ્ઞાન માનવાનો નિર્ધાર કરી લીધો છે તેથી આવા મેસેજ વાઈરલ થયા કરે છે.ખેર, કહેવાની જરૂર જ નથી કે સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહેલી પોસ્ટને લઈને કરવામાં આવેલો દાવો ખોટો છે. ભારત વીટો પાવર સાથે યુએનએસસીનું કાયમી સભ્ય બની જાય એ સમાચાર એટલા મોટા છે કે દિવસો લગી મીડિયામાં તેને લગતા સમાચારો આવ્યા કરે અને દિવસો લગી તેની ચર્ચા પણ ચાલ્યા કરે. મીડિયામાં અત્યારે એવું કશું નથી કેમ કે ભારતને હજુ પણ યુએનએસસીમાં કાયમી સભ્યપદ નથી મળ્યું કે વીટો પાવર પણ મળ્યો નથી. ભારતને વીટો પાવર સાથે યુએનએસસીમાં કાયમી સભ્યપદ મળી ગયું હોત તો આખા દેશમાં જશ્નનો માહોલ હોત ને તેનો જશ ખાટવા માટે શું શું થઈ ગયું હોત એ પણ કહેવાની જરૂર નથી.જે લોકો આ દાવાને સાચો માની બેઠાં છે તેમણે એક વાત સમજવાની જરૂર છે. ભારતની સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ (યુએનએસસી)માં કાયમી સભ્યપદની માગ બહુ જૂની છે પણ આ માગ કદાચ ક્યારેય પૂરી નહીં થાય ને તેનું કારણ ચીન છે. યુએનએસસીના વર્તમાન પાંચ કાયમી સભ્યોમાંથી અમેરિકા, ઈંગ્લેન્ડ, રશિયા અને ફ્રાન્સે વારંવાર પુનરોચ્ચાર કર્યો છે કે તેઓ યુએનએસસીમાં કાયમ સભ્યપદના ભારતના દાવાની તરફેણમાં છે પણ ચીન એકમાત્ર એવો દેશ છે જે ભારતની તરફેણમાં નથી ને કોઈ કાળે ભારતની તરફેણમાં નહીં થાય.આ વાત સમજવા માટે યુએનએસસીનું માળખું ને કાયમી સભ્યપદ માટે શું કરવું પડે એ સમજવું જરૂરી છે. યુનાઈટેડ નેશન્સ સિક્યુરિટી કાઉન્સિલમાં કુલ ૧૫ સભ્યો છે. યુનાઈટેડ નેશન્સના નિયમ પ્રમાણે બહુમતી સભ્યો ઠરાવની તરફેણમાં મત આપે તો ઠરાવ પસાર થાય પણ સાથે સાથે નિયમ છે કે સિક્યુરિટી કાઉન્સિલના પાંચ કાયમી સભ્યોમાંથી કોઈ વીટો વાપરે તો પણ ઠરાવ પસાર ના થાય.અમેરિકા, રશિયા, ચીન, ઈંગ્લેન્ડ અને ફ્રાન્સ એ પાંચ સભ્યો પાસે વીટો પાવર છે. આ પાંચમાંથી કોઈ પણ સભ્યને વાંધો પડે તો યુનાઈટેડ નેશન્સની કોઈ પણ દરખાસ્તનું પડીકું થઈ જાય. યુનાઈડેટ નેશન્સમાં અસલી પાવર વીટો પાવરવાળા ૫ સભ્ય દેશો પાસે છે ને બાકીના ૧૦ તો ઉચકૂચિયા છે. આ ઉચકૂચિયા ૧૦ સભ્યો બદલાયા કરે છે જ્યારે અમેરિકા, રશિયા, ચીન, ઈંગ્લેન્ડ અને ફ્રાન્સ એ પાંચ સભ્યો કાયમી છે ને તેમનું રાજ ચાલે છે. યુએનએસસીમાં કાયમી સભ્યપદ મેળવવાનો નિર્ણય પણ આ પાંચ દેશો પાસે છે પણ ચીન આપણી વિરુદ્ધ હોવાથી આપણે વરસોથી અમેરિકા, રશિયા, ચીન, ઈંગ્લેન્ડ અને ફ્રાન્સ એ પાંચ સભ્યોની પંગતમાં બેસીને છઠ્ઠો દેશ બનવા મથ્યા કરીએ છીએ ને અમેરિકાને અછોવાનાં કરીએ છીએ પણ મેળ પડતો નથીઅમેરિકા સહિતના દેશો આપણને કાયમી સભ્યપદ આપવાની વાતો કરે છે પણ વાસ્તવમાં એ બધા આપણને મૂરખ બનાવ્યા કરે છે. આ વાતને સમજવા માટે થોડોક જૂનો ઈતિહાસ જાણી લઈએ. અમેરિકા આપણને ઠાલું આશ્ર્વાસન આપ્યા કરતું તેથી આપણે છેવટે ૨૦૧૭ના ઓક્ટોબરમાં અમેરિકાને યુનાઈટેડ નેશન્સમાં ભારતને કાયમી સભ્યપદનો ઠરાવ લાવવા કહેલું. અમેરિકાએ પહેલાં ગલ્લાંતલ્લાં કર્યાં પછી હાથ અધ્ધર કરીને જાહેર કરી દીધું કે, ભારતને યુનાઈટેડ નેશન્સ સિક્યુરિટી કાઉન્સિલમાં વીટો પાવર સાથે કાયમી સભ્યપદ મળી શકે એમ નથી.અમેરિકાનો દાવો હતો કે, ભારતને યુનાઈટેડ નેશન્સ સિક્યુરિટી કાઉન્સિલમાં કાયમી સભ્યપદ આપવા માટે બંધારણ બદલવું પડે તેમ છે. અમેરિકાને યુનાઈટેડ નેશન્સના બંધારણમાં સુધારા કરવામાં અને ભારતને કાયમી સભ્યપદ આપવામાં વાંધો નથી પણ ચીન ને રશિયા બંધારણ બદલવા તૈયાર નથી તેથી ભારતને કાયમી સભ્યપદ મળી શકે તેમ નથી.આ વાતનો સ્પષ્ટ અર્થ એ થયો કે, અત્યારે જેમને વીટો પાવર મળેલો છે એ દેશો નવા કોઈ દેશને વીટો પાવર આપવા તૈયાર નથી તેથી ભારતનો મેળ પડે એમ નથી. અમેરિકાએ ભારતને ગોળી ગળાવેલી કે, ભારતની ઈચ્છા હોય તો વીટો પાવર વિના યુનાઈટેડ નેશન્સ સિક્યુરિટી કાઉન્સિલમાં કાયમી સભ્યપદ અપાવવા અમે કોશિશ કરી શકીએ. યુનાઈટેડ નેશન્સ સિક્યુરિટી કાઉન્સિલમાં અસલી તાકાત વીટો પાવર જ છે. વીટો પાવર વિનાના કાયમી સભ્યપદનો અર્થ જ નથી તેથી ભારતે આ વાતમાં સહમતી ના આપી.

# હરિયાણામાં ડેરાઓનો દબદબો: બાબાઓના ઈશારે અનુયાયીઓ મતદાન કરે છે




**- રામ રહીમે વરસોથી હરિયાણા અને પંજાબમાં પોતે કિંગ મેકર હોવાનો ભ્રમ ઉભો કર્યો છે. રામ રહીમના ડેરા સચ્ચા સૌદાના ૧.૨૫ કરોડ અનુયાયીઓ હોવાનો દાવો કરાય છે. માત્ર હરિયાણામાં જ નહીં પણ પંજાબ અને રાજસ્થાનમાં પણ તેનો પ્રભાવ હોવાના દાવા કરાય છે . વાસ્તવમાં ફતેહાબાદ અને તોહાના એ બે વિધાનસભા બેઠકો એવી છે કે જ્યાં રામ રહીમ ધારે તેને જીતાડી શકે છે. રામ રહીમના કિસ્સામાં ભાજપ એ રીતે પણ થાપ ખાઈ રહ્યા છે કે, વિશ્વ હિંદુ પરિષદ સહિતનાં હિંદુવાદી સંગઠનો રામ રહીમની વિરૂધ્ધ છે.**

હરિયાણા વિધાનસભાની ૯૦ બેઠકો માટે શુક્રવારે મતદાન છે. હરિયાણામાં ભાજપ અને કોંગ્રેસ વચ્ચે મુખ્ય જંગ છે ને એ સિવાય ઈન્ડિયન લોકદળ સહિતના ઉચકૂચિયા પ્રાદેશિક પક્ષો પણ મેદાનમાં છે. છેલ્લાં ૧૦ વર્ષથી હરિયાણામાં ભાજપનું શાસન છે પણ ભાજપે કશું ઉકાળ્યું નથી એટલે આ વખતે કોંગ્રેસની તરફેણમાં હવા જામેલી છે. મરતા ક્યા ન કરતા એ હિસાબે કોંગ્રેસના મતો કાપવા માટે ભાજપે પોતાની બી ટીમો ઉતારી છે અને છેલ્લા ઉપાય તરીકે બળાત્કાર અને હત્યાના કેસમાં દોષિત છરેલા રામ રહીમ ગુરમિત સિંહને પણ પેરોલ પર છોડી દીધો છે. પંજાબમાં ઘૂસ્યા આતંકી: ગુરદાસપુર-પઠાણકોટમાં હાઈ એલર્ટ, બંદૂકની અણીએ બનાવડાવ્યું ભોજનપોતાની બે સાધ્વીઓ પર બળાત્કાર અને પત્રકાર રામચંદ્ર છત્રપતિની હત્યા માટે આજીવન કારાવાસની સજા ભોગવી રહેલા રામ રહીમને કોર્ટે હરિયાણામાં પગ નહીં મૂકવા ને હરિયાણાની ચૂંટણીથી દૂર રહેવા ફરમાન કર્યું છે તેથી રામ રહીમે ઉત્તર પ્રદેશના બાગપતમાં ધામા નાંખ્યા છે પણ ટેકનોલોજીના જમાનામાં આવાં નિયંત્રણોનો અર્થ નથી. બાબા રામ રહીમ બાગપતમાં બેઠાં બેઠાં ભાજપને જીતાડવા મચી પડયા છે. ભાજપે રામ રહીમને શરણે જવું પડયું તેનું કારણ બાબાનો મતદારોના મોટા વર્ગ પર પ્રભાવ હોવાનું કહેવાય છે. ડેરા સચ્ચા સૌદાની કુલ ૩૮ શાખા છે અને તેમાંથી ૨૧ શાખા હરિયાણામાં છે. ગુરમીત રામ રહીમનો હરિયાણાના છ જિલ્લા ફતેહાબાદ, કૈથલ, કુરુક્ષેત્ર, સિરસા, હિસાર અને કરનાલમાં જોરદાર પ્રભાવ હોવાનું કહેવાય છે. હરિયાણાની કુલ ૯૦ વિધાનસભા બેઠકોમાંથી ૨૬ બેઠકો આ ૬ જિલ્લામાં આવેલી છે તેથી ભાજપને લાગે છે કે, બળાત્કારી રામ રહીમને છોડીને આ ૨૬ બેઠકો પોતાના ખિસ્સામાં નાંખી શકાશે પણ ભાજપના આ ભ્રમ છે. રામ રહીમે વરસોથી હરિયાણા અને પંજાબમાં પોતે કિંગ મેકર હોવાનો ભ્રમ ઉભો કર્યો છે. રામ રહીમના ડેરા સચ્ચા સૌદાના ૧.૨૫ કરોડ અનુયાયીઓ હોવાનો દાવો કરાય છે અને માત્ર હરિયાણામાં જ નહીં પણ પંજાબ અને રાજસ્થાનમાં પણ તેનો પ્રભાવ હોવાના દાવા કરાય છે પણ વાસ્તવમાં ફતેહાબાદ અને તોહાના એ બે વિધાનસભા બેઠકો એવી છે કે જ્યાં રામ રહીમ ધારે તેને જીતાડી શકે છે. આ બે વિધાનસભા મતવિસ્તારોમાં ડેરા સચ્ચા સૌદાના એટલા બધા અનુયાયીઓ છે કે કોઈપણ ઉમેદવારને જીતાડી શકે પણ બીજે બધે રામ રહીમનો પ્રભાવ નથી. રામ રહીમના કિસ્સામાં ભાજપ એ રીતે પણ થાપ ખાઈ રહ્યા છે કે, વિશ્વ હિંદુ પરિષદ સહિતનાં હિંદુવાદી સંગઠનો રામ રહીમની વિરૂધ્ધ છે. વાસ્તવમાં રામ રહીમને બૂચ વાગી ગયો તેનું કારણ હિંદુવાદી સંગઠનો જ હતાં. સીખો પણ રામ રહીમને દુશ્મન માને છે તેથી ભાજપ માટે રામ રહીમનો સાથ ખોટનો સોદો છે. રામ રહીમનો સાથ લેવામાં ભાજપ હિંદુવાદીઓ અને સીખોના મત ખોઈ રહ્યો છે. બીજું એ કે, હરિયાણામાં એકલા રામ રહીમ નથી પણ રામ રહીમ કરતાં પણ વધારે તાકાતવર બીજા ઘણા ડેરા છે. હરિયાણામાં દસથી વધારે એવા મોટા ડેરા છે કે જેમનો જબરદસ્ત પ્રભાવ છે અને એવું કહેવાય છે કે, હરિયાણાનું રાજકારણ ડેરાઓ પર જ ચાલે છે. રામ રહીમ છાપેલું કાટલું હોવાથી આખા દેશમાં વગોવાઈને જાણીતો બન્યો પણ તેના કરતાં પણ ઘણા પ્રભાવશાળી ડેરા છે. રાધાસ્વામી સત્સંગ વ્યાસ, લક્ષ્મણપુરી ડેરા, નિરંકારી ડેરા, બાબા મસ્તનાથ મઠ સહિતના ડેરા લાખોમાં અનુયાયીએઓ ધરાવે છે પણ રામ રહીમની જેમ રાજકારણમાં સીધો ચંચૂપાત કરતા નથી તેથી તેમની ચર્ચા થતી નથી. હરિયાણાના ડેરાઓમાં રાધાસ્વામી સત્સંત વ્યાસ સૌથી શક્તિશાળી મનાય છે પણ આ રાજકારણથી દૂર છે. રાધાસ્વામી સત્સંગના વડા તરીકે રામ રહીમ જેવા અભણ કે અપરાધી નથી પણ હાઈલી એજ્યુકેટેડ લોકો આવે છે. હમણાં જ ૪૫ વર્ષના જસદીપસિંહ ગિલ રાધાસ્વામી સત્સંગના નવા વડા બન્યા. ગિલ ફાર્મા જાયન્ટ કંપની સિપ્લામાં સીનિયર વાઈસ પ્રેસિડેન્ટ હતા. દેશભરમાં લગભગ ૨ કરોડ અનુયાયી ધરાવતા રાધાસ્વામી સત્સંગ બિયાસનાં ૫૦૦૦થી વધારે તો કેન્દ્રો છે. ડેરા રાધાસ્વામી સ્વામી સત્સંગ વ્યાસને અનુસરનારામાં મોટી સંખ્યામાં દલિત છે. આ કારણે વડાપ્રધાન નરેન્દ્ર મોદીથી લઈને વિપક્ષના નેતા રાહુલ ગાંધી સુધીના ભાજપ અને કોંગ્રેસના તમામ મોટા નેતા રાધા સ્વામી સત્સંગ વ્યાસના કાર્યક્રમમાં હાજર રહે છે. આ સંગઠન રાજકારણમાં પડતું નથી મે કોઈ રાજકીય પક્ષને સમર્થન કે વિરોધ નથી કરતું પણ તેના રાજકીય પ્રભાવને કારણે ભલભલા નેતા તેમના પગમાં આળોટે છે. રોહતકનો લક્ષ્મણપુરી ડેરા (ગોકર્ણ) પણ હરિયાણાના પ્રભાવશાળી ડેરાઓમાં એક છે. જૂના અખાડાના કપિલ પુરી મહારાજ તેના વડા છે અને તેમના હરિયાણામાં લાખો અનુયાયીઓ છે. લક્ષ્મણપુરી ડેરાનો રોહતક તેમજ આસપાસ ના જિલ્લાઓમાં લગભગ એક ડઝન વિધાન સભા બેઠકો પર પ્રભાવ હોવાનું માનવામાં આવે છે.યુપીના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ ના નાથ સંપ્રદાયના બાબા મસ્તનાથ મઠનો પણ જોરદાર પ્રભાવ છે. રોહતકના બાબા મસ્તનાથ મઠના ગાદીપતિ બાબા બાલકનાથ નાથ સંપ્રદાયના રાષ્ટ્રીય ઉપપ્રમુખ છે જ્યારે રાષ્ટ્રીય અધ્યક્ષ યોગી આદિત્યનાથ છે. બાલકનાથ યાદવ છે તેથી સવર્ણ અને ઓબીસી મતદારો પર તેમનો પ્રભાવ છે. હરિયાણાના અહિરવાલ પટ્ટામાં અને ખાસ કરીને મહેન્દ્રગઢ અને રોહતકમાં મઠના ઈશારે મતો પડે છે. આ મઠ પોતાને બિનરાજકીય ગણાવે છે પણ યોગીના કારણે ભાજપને મદદ કરે છે. નિરંકારી ડેરા પણ જોરદાર પ્રભાવ ધરાવે છે. અંબાલા, કુરુક્ષેત્ર, યમુનાનગર, સોનીપત અને કરનાલ સહિતના ઘણા જિલ્લામાં ફેલાયેલા સીખ મતદારો પર નિરંકારી ડેરાનો નોંધપાત્ર પ્રભાવ છે. નિરંકારી ડેરાના અનુયાયીઓની સંખ્યા પણ લાખોમાં છે. લગભગ એક ડઝન વિધાનસભા બેઠકો પર જીત-હાર નક્કી કરવામાં નિરંકારી ડેરાના અનુયાયીઓ મહત્વની ભૂમિકા ભજવે છે.હરિયાણામાં ડેરાઓનો પ્રભાવ વ્યાપક છે પણ આ ડેરાઓને અંદરોઅંદર ફાવતું નથી. આ કારણે એક ડેરા જેની તરફેણકરે તેની વિરૂધ્ધ બીજા બધા થઈ જાય એવું બને છે. તેના કારણે અણધાર્યા પરિણામો પણ આવે છે. ભાજપે આ વખતે એવાં અણધાર્યા પરિણામોનો સામનો કરવો પડી શકે છે. હુડ્ડાએ ૫ કરોડમાં ટિકિટ વેચ્યાનો આક્ષેપ કરનારા અશોક તંવર પાછા કોંગ્રસમાં, ૫ વર્ષમાં ૫ પાર્ટી બદલી હરિયાણામાં વિધાન સભાની ચૂંટણીના બે દિવસ પહેલાં જ ભૂતપૂર્વ સાંસદ અશોક તંવર ભાજપ છોડીને કોંગ્રેસમાં જોડાઈ ગયા તેની ભારે ચર્ચા છે. કોંગ્રેસની મહેન્દ્રગઢ રેલીમાં રાહુલ ગાંધીની હાજરીમાં કોંગ્રેસમાં જોડાયેલા તંવરે પક્ષપલટાના તમામ રેકોર્ડ તોડી નાંખ્યા છે કેમ કે પાંચ વર્ષમાં પાંચમી પાર્ટીમાં આવ્યા છે. તંવરે પાંચ વર્ષ પહેલા ભૂપિન્દરસિંહ હુડ્ડા સાથે મતભેદના પગલે કોંગ્રેસ છોડી દીધી હતી. અશોક તંવર કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ પણ હતા પણ ૨૦૧૯ની હરિયાણા વિધાનસભા ચૂંટણી પહેલાં ટિકિટની વહેંચણીથી નારાજ અશોક તંવરે કોંગ્રેસે રામ રામ કરી દીધા હતા. એ વખતે તંવરે હુડ્ડા સામે ૫ કરોડ રૂપિયામાં કોંગ્રેસની ટિકિટ વેચવાનો આક્ષેપ કરેલો. ૨૦૧૯માં કોંગ્રેસ છોડયા પછી તંવરે અપના ભારત મોરચા નામની પાર્ટી બનાવી હતી પણ વિધાસભાની ચૂંટણીમાં ધોવાણના પગલે તંવર આમ આદમી પાર્ટી અને પછી તૃણમૂલ કોંગ્રેસમાં ગયેલા. છેવટે લોકસભા ચૂંટણી પહેલા ૨૦ જાન્યુઆરીએ ભાજપમાં જોડાયા હતા. ભાજપે તંવરને સિરસા બેઠક પરથી ટિકિટ આપી હતી પણ કોંગ્રેસનાં ઉમેદવાર કુમારી સેલજા સામે ૨,૬૮,૪૯૭ મતે હારી ગયેલા. દલિત નેતા તંવર કોંગ્રેસમાં મોટું માથું મનાતા અજય માકનના જમાઈ છે. તંવરે અજય માકેનની ભત્રીજી અવંતિકા સાથે લગ્ન કર્યાં છે. ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ શંકર દયાલ શર્મા અવંતિકાના નાના છે. અશોક તંવર સિરસા, ફતેહાબાદ, એલનાબાદ, રાનિયા, કાલાંવલી,ડબવાલી, રતિયા, ટોહાના અને નરવાના એમ ૯ વિધાનસભા બેઠકો પર કોંગ્રેસને ફાયદો કરાવી શકે છે. ૯૦ બેઠકોમાંથી ૯ બેઠકો પર તો ડેરાના બાબા જ ઉમેદવાર હરિયાણામાં ડેરાઓનો પ્રભાવ કેવો જોરદાર છે તેનો ખ્યાલ એ વાત પરથી આવે કે, ૯૦ વિધાનસભા બેઠકોમાંથી ૯ બેઠકો પર ડેરા સાથે જોડાયેલા ઉમેદવારો મેદાનમાં છે. મતલબ કે, ૧૦ ટકા બેઠકો પર તો ડેરાવાળા પોતે જ ચૂંટણી જીગમાં છે. બરવાળાના મહામંડલેશ્વર દર્શન ગિરી, પાણીપત શહેરના અગ્નિવેશ, જુલાનાથી સુનીલ જોગી, પ્રીથલાથી અવધૂતનાથ, ચરખી દાદરીથી કર્મયોગી નવીન અને તોશામના બાબા બલવન્નાથના ચૂંટણી લડી રહ્યા છે. ડેરાઓએ ઉભા કરેલા ઉમેદવારોની યાદી તો બહુ લાંબી થાય. હરિયાણા માં સંખ્યાબંધ એના નાના નાના ડેરા છે કે જે બે-ચાર બેઠકો પર પ્રભાવ ધરાવે છે. કલાવલી ડેરા, મસ્તાના શાહ બલૂચિસ્તાની, આશ્રમ જગમ લવાલી, ડેરા નામધારી, પુરી ધામ, ડેરા કાલિદાસ મહા રાજા, સતઝિંદા કલ્યાણ ડેરા, સતી ભાઈ સાંઈ દાસ અને ડેરા બાબા ઈશ્વર શાહ વગેરે મર્યાદિત વિસ્તારોમાં જબર દસ્ત પ્રભાવ ધરાવતા ડેરા ગણાય છે. આ બધા ડેરા એકબીજાને મદદ નથી કરતા, તેમાં પણ રામ રહીમ તો કોઈને પસંદ નથી એ જોતાં ભાજપને ફટકો પડી શકે છે.

## કંગના રનૌત સુધરવાનું નામ નથી લેતી : ભાજપમાં જ આક્રોશ



વારંવાર વિવાદીત નિવેદનોને કારણે કંગના રનૌત સામે ભાજપમાં જ અસંતોષ વધી રહ્યો છે ત્યારે કંગનાએ ફરીથી એક વિવાદાસ્પદ પોસ્ટ સોશિયલ મીડિયા એક્સ પર મૂકી છે. ગાંધી જયંતિને દિવસે કંગનાએ ગાંધીજી અને ભૂતપૂર્વ વડાપ્રધાન લાલબહાદુર શાી માટે એક પોસ્ટ મુકી હતી. પોસ્ટમાં એવું લખાણ હતું કે, ગાંધીજી કરતા શાસ્ત્રીજીનું કદ મોટું છે. એણે લખ્યું હતું કે, 'દેશના પિતા નહી, દેશના તો લાલ હોય છે. ધન્ય છે ભારતના લાલને.' કંગનાએ આ પોસ્ટ મુક્યા પછી કોંગ્રેસના સુપ્રિયા શ્રીનતે વળતા જવાબમાં લખ્યું છે કે, 'ગાંધી જયંતિના દિવસે ભાજપના સાંસદ કંગનાએ ગંદો કટાક્ષ કર્યો છે. ગોડસેના ચાહકો બાપુ અને શાસ્ત્રીજીમાં ભેદ કરે છે. શું મોદી હજી પણ કંગનાને માફ કરવાના છે?'

# ગુજરાત વિધાનસભાના નાયબ દંડક શ્રી વિજયભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને યોજાયો સેવા સેતુ કાર્યક્રમ

## આહવા તાલુકાના ચિકટીયા અને વઘઈ તાલુકાના નડગચોંડ ખાતે યોજાયા સેવા સેતુના કાર્યક્રમો



### સેવા સેતુ કાર્યક્રમ : દસમો તબક્કો, જિલ્લો ડાંગ

**(અર્જુન જાધવ દ્વારા, વઘઈ)** રાજ્ય સરકારની પ્રજાલક્ષી યોજનાઓનો લાભ પ્રજાને સતત મળતો રહે, તથા વહીવટમા કાર્યક્ષમતા, પારદ ર્શકતા, સંવેદનશીલતા અને જવાબદારી પણાની બાબત રાજ્ય સરકાર માટે હાર્દ સમાન ગણાય છે. જેને ધ્યાને લઈ પ્રજાજનોના વ્યક્તિગત પ્રશ્નો અને સેવાઓ તેમના રહેઠાણ નજીકના સ્થળે તે જ દિવસે ઉકેલાય શકે તેવા ઉમદા હેતુને ધ્યાને લઈ, ગત તારીખ ૧૭મી સપ્ટેમ્બરથી, ડાંગ જિલ્લામા સેવા સેતુના દસમા તબક્કાનો પ્રાંરભ કરવામા આવ્યો છે. આ કાર્યક્રમના અનુસંધાને વઘઈ તાલુકાના નડગચોંડ પ્રાથમિક શાળા ખાતે ગુજરાત વિધાનસભા ના નાયબ દંડક અને ડાંગના ધારાસભ્ય શ્રી વિજયભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને સેવા સેતુનો કાર્યક્રમ યોજાયો હતો. જ્યારે બીજો કાર્યક્રમ આહવા તાલુકાના ચિકટીયા પ્રાથમિક શાળા ખાતે યોજવામાં આવ્યો હતો. આ સેવા સેતુના કાર્યક્રમમા સરકારના જુદાં જુદાં કુલ ૧૩ વિભાગની કુલ પચાસથી વધુ યોજનાઓનો લાભ જરૂરિયાત મંદ લાભાર્થીઓને આપવામા આવી રહ્યો છે.આ પ્રસંગે શ્રી વિજયભાઈ પટેલે જણાવ્યુ હતું કે, છેવાડાના લોકો સુધી જન કલ્યાણકારી યોજનાઓ પહોચાડવા સરકાર શ્રીએ સેવા સેતુ કાર્યક્રમનો પ્રારંભ કર્યો છે. સેવા સેતુના કાર્યક્રમમા લોકોને એક જ સ્થળે સરકારી જન કલ્યાણકારી યોજનાઓના સરળતાથી લાભો મળે છે, અને આ કાર્યક્રમમા લોકો આશાઓ લઈને આવતા હોય છે ત્યારે તેઓની આશા પુરી કરવા અને યોજનાઓનો લાભ આપવા સરકારી અધિકારી/ કર્મચારી ઓને શ્રી પટેલે આહવાન કર્યુ હતુ.તેમજ મહિલાઓ માટે પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના, રોજગાર લક્ષી પી. એમ. વિશ્વકર્મા યોજના, તેમજ પ્રધાન મંત્રી જન આરોગ્ય યોજનાના આયુષ્માન કાર્ડ હેઠળ ઉપલબ્ધ રૂપિયા ૧૦ લાખ સુધીની તબીબી સારવાર માટેના કાર્ડ મેળવી લેવા પણ સ્થાનિક લોકોને ખાસ અપીલ કરી હતી. આ યોજનાઓના લાભ માટેના આનુસંગિક પ્રમાણ પત્રો, દસ્તાવેજો પણ, આ સેવા સેતુ કાર્યક્રમમા ઉપલબ્ધ હોવાથી, અરજદારોને એક જ સ્થળે વિવિધ સેવાઓ મળી રહેશે. આથી સરકારના આ હકારાત્મક કાર્યક્રમોનો વધુમા વધુ લાભ લેવા માટે શ્રી વિજયભાઈ પટેલે અનુરોધ કર્યો હતો.આ ઉપરાંત ડાંગ જિલ્લાના ખેડુતો જેઓને વિજ કનેક્શન માટે થાંભલો કે તાર ખેતર સુધી લઈ જવા માટે હવે, સરકાર દ્વારા ફક્ત ડાંગ જિલ્લામા, વિનામુલ્યે વીજ વિભાગ દ્વારા સેવાઓ અપાશે, તેમ પણ શ્રી વિજયભાઈ પટેલે વધુમા જણાવ્યું હતુ.સરકાર અને પ્રજા વચ્ચે સેતુ બાંધવાનો કાર્યક્રમ, જે સેવા સેતુ કાર્યક્રમ છે. સરકાર હમેંશા પ્રજાહિતને પ્રથમ રાખે છે. સરકાર જ્યારે સેવા સેતુ કાર્યક્રમ મારફત આપણા દ્વારે આવે છે ત્યારે, સરકારની વ્યક્તિગત સેવાનો મહત્તમ લાભ લેવા, તેમજ ગામના અન્ય લોકોને પણ સેવા સેતુ અંગે જાણ કરવા વઘઈ તાલુકા પંચાયત પ્રમુખ શ્રી ચંદરભાઈ ગાવિતે લોકોને અનુરોધ કર્યો હતો.લોકોને આધાર કાર્ડ કે.વાય.સી કરવામા ખુબ જ તકલીફો પડતી હોય છે ત્યારે, આજના સેવા સેતુના કાર્યક્રમમા ત્રણ કિટ લાવી આધારની સેવાઓ પુરી પાડવામા આવશે. તેમજ આગામી સમયમા પંચાયત કક્ષાએ જ સરકારની સેવાઓનો લાભ પુરો પાડવામા આવશે તેમ, વઘઈ તાલુકાના મામલત દાર શ્રી એમ. આર. ચૌધરીએ પોતાના પ્રાસંગિક વકતવ્યમા જણાવ્યુ હતુ. આ કાર્યક્રમમા વઘઈ તાલુકા પંચાયત માજી પ્રમુખ શ્રીમતી શકુંતલાબેન પવાર, નડગચોન્ડ ગૃપ ગ્રામ પંચાયતના સરપંચ શ્રીમતી અરુણાબેન ભોયે, માનમોડી ગૃપ ગ્રામ પંચાયતના માજી સરપંચ શ્રી નગીનભાઈ ગાવિત, ભાજપા મહામંત્રી શ્રી દિનેશભાઈ ભોયે, સહિત વઘઈ તાલુકા વિકાસ અધિકારી શ્રી મીનાબેન પટેલ, તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી શ્રી સીતારામ ભોયે, તાલુકા આરોગ્ય અધિકારી શ્રીમતી સ્વાતિબેન, નાયબ મામલત દાર શ્રી પ્રકાશભાઈ મહાલા સહિતનાં અધિકારી, કર્મચારી ઓ તેમજ મોટી સંખ્યામા ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

### કેવિકે વ્યારા ખાતે પીએમ કિસાન સમ્માન નિધી યોજના અંતર્ગત

# માન. ધારાસભ્યશ્રી મોહનભાઈ કોંકણીની ઉપસ્થિતીમાં ખેડુતોએ લાઇવ વેબકાસ્ટિંગ નિહાળ્યુ



**(પ્રતિનિધિ દ્વારા, વ્યારા) :** ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ, ન્યુ દિલ્હી દ્વારા પુરૂસ્કૃત અને નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી દ્વારા સંચાલિત કૃષિ વિજ્ઞાન કેંદ્ર, વ્યારા ખાતે નવસારી કૃષિ યુનિવર્સિટીના માન. કુલપતિ શ્રી ડૉ. ઝેડ. પી. પટેલની પ્રેરણા અને માર્ગ દર્શન હેઠળ કેવિકે ખાતે તા. ૦૫/૧૦/ ૨૦૨૪ ના કેવિકે વ્યારા ખાતે પીએમ કિસાન સમ્માન નિધી યોજના અંતર્ગત કાર્યક્રમ યોજાયો હતો. પીએમ કિસાન યોજના અંતર્ગત ખેડુતોના ખાતામા ૧૮ મો હપ્તો માન. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના હસ્તે રીલીઝ કરવાના ઓનલાઈન કાર્યક્રમ જેનુ લાઈવ વેબકાસ્ટીંગ વાસિમ, મહારાષ્ટ્રથી કરવામા આવ્યુ હતુ. સદર કાર્યક્રમ લાભાર્થી ખેડુતોએ કેવિકે-વ્યારા ખાતેથી લાઇવ નિહાળ્યો હતો. સદર કાર્યક્રમમાં કુલ ૫૦થી વધુ ખેડૂત બહેનોએ ભાગ લીધો હતો.શ્રી મોહનભાઈ કોંકણી, માન. ધારાસભ્યશ્રી, (વ્યારા), વિધાનસભા, ગુજરાત સરકાર દ્વારા કેવિકે દ્વારા કરવામા આવતી વિવિધ વિસ્તરણ પ્રવૃતિઓને બિરદાવી હતી.વધુમા તેમણે પીએમ કિસાન યોજના અંતર્ગત આજદિન સુધી ૧૦ કરોડથી વધુ ખેડુતોના ખાતામા કુલ ૩.૨૫ લાખ કરોડ રૂપિયા જમા થયેલ છે એ વિશે માહિતગાર કર્યા હતાડો. સી. ડી. પંડ્યા, વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડાએ કાર્યક્રમમાં ઉપસ્થિત મહેમાનોને આવકારી કાર્યક્રમનું મહત્વ સમજાવ્યું હતું. વધુમાં ડો. પંડ્યાએ ખેડૂતલક્ષી વિવિધ સંલગ્ન વ્યવસાયોની જાણકારી આપી હતી અને ખેતીમાં વધુ આવક મેળવવા ખેડૂતોને હાંકલ કરી હતી.ડો. જીગર બુટાણી, વૈજ્ઞાનિક (પશુપાલન) દ્વારા વૈજ્ઞાનિક ઢબે સફળ મરઘાપાલન વિશે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું તેમજ સફળ મરઘા પાલકની ધમોડી, વિયારા ખાતે ફિલ્ડ વિઝિટ કરાવવામા આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન અને આભારવિધી કૃષિ વિસ્તરણ વિભાગના વૈજ્ઞાનિક ડૉ. અર્પિત જે. ઢોડિયા દ્વારા કરવામાં આવી હતી.

## કુકરમુંડાના કાવઠા પુલ પરથી કુદતા યુવકને બચાવી લઇ સરાહનીય કામગીરી કરતી નિઝર પોલીસ સ્ટેશનનાં જી. આર. ડી. જવાનો




**(મુકેશ પાડવી દ્વારા, વેલ્દા-નિઝર) :** આજે તા.૦૫/૧૦/ ૨૦૨૪ ના રોજ આશરે બપોરના ત્રણેક વાગ્યના સમયે મહારાષ્ટ્ર રાજયના તળોદાના સુનિલભાઈ સાકરીયાભાઈ પાડવી ઉ.વ. ૩૪. પોતાની પત્નિ સાથે બોલાચાલી ઝગડો કરી કાવઠા પુલ (કુકરમુંડા) ઉપર આત્મહત્યા કરવા આવેલ ત્યારે નિઝર પોલીસ સ્ટેશનના GRD અરવિંદભાઈ અશોકભાઈ વળવી તથા ર્ઘ્ઇ અવિનાશભાઈ સવાભાઈ વળવી પુલ ઉપર પેટ્રોલીગ કરતા હતા ત્યારે આ સુનિલભાઈને તાપી નદીમાં કુદવા જતા બચાવી લઈ કુકરમુંડા આઉટ પો.સ્ટ. ઉપર લાવી તેના પરેવારને બોલાવી સમજાવી પરત ઘરે મોકલી આપેલ.

# આહવા પોલીસની ટીમે ગણતરીના કલાકોમાં જ મોટરસાયકલ ચોરીનો ભેદ ઉકેલી આરોપીની ધરપકડ



**(અર્જુન જાધવ દ્વારા, વઘઈ) :** ડાંગ જિલ્લા પોલીસ વડા યશપાલ જગાણીયા તથા નાયબ પોલીસ અધિક્ષક એસ.જી.પાટીલનાં માર્ગદર્શન હેઠળ આહવા પોલીસ મથકનાં પી.આઈ. ડી.કે. ચૌધરી તેમજ પી.એસ.આઈ. એ.એચ. પટેલની ટીમે મિલકત તથા વાહન ચોરીનાં ગુન્હાઓ શોધી કાઢવા માટેની ઝુંબેશ હાથ ધરી હતી. તેવામાં આહવા પોલીસ મથક વિસ્તારનાં ભવાનદગડ ગામમાંથી મોટરસાયકલની ચોરી થઈ હતી જે બાદ પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી હતી. ત્યારે પોલીસ ફરિયાદ નોંધાયાનાં ગણતરીના કલાકોમાં જ આહવા પોલીસ મથકનાં પી.આઈ. ડી.કે. ચૌધરી અને પી.એસ.આઈ. એ. એચ. પટેલની ટીમે મોટર સાયકલ ચોરીનો ભેદ ઉકેલી બે આરોપીની અટકાયત કરી હતી. તેમજ મોટરસાયકલ પણ રિકવર કરવામાં આવી હતી. આહવા તાલુકાનાં ભવાન દગાડ ગામ ખાતે રહેતા કિશન ગુલસીંગભાઈ પવાર એ પોતાના કબજા ની મોટર સાયકલ રજીસ્ટ્રેશન નંબર GJ -05-PE-5007 રાત્રિના સમયે ઘરના ઓટલા પર મૂકી હતી. ત્યારે રાત્રિના સમયે કોઈ અજાણ્યા ચોર ઈસમે મોટરસાયકલની ચોરી કરી હતી. મોટરસાયકલની ચોરી થતા કિશન પવારે આહવા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. જે બાદ આહવા પોલીસે પોતાના ચક્ર ગતિમાન કર્યા હતા. જે બાદ આહવા પોલીસને બાતમી મળી હતી કે, ચોરીની મોટરસાયકલ લઈને બે ઈસમો ડોન હિલ સ્ટેશન ફોરેસ્ટ નાકા થઈ મહારાષ્ટ્રનાં કળવણ તરફ જનાર છે. જે બાતમીના આધારે ડોન ફોરેસ્ટ નાકા ખાતે પોલીસે વોચ અને નાકાબંધી કરી હતી અને ચોરીની મોટરસાયકલ સાથે બીજી મોટરસાયકલ રજી. નં.MH -15-DR-9454 પોલીસે કબ્જે કરી હતી. મોટર સાયકલ સાથે પ્રદીપ યશવંત ગાવીત (ઉ.વ.૩૨ રહે. નાલીદ ગામ તા. કળવણ જિ.નાશીક મહારાષ્ટ્ર) તથા મનોજભાઈ પ્રવિણભાઈ ઠાકરે (ઉ.વ.૨૪ રહે. કકાને ગામ તા.કળવણ જિ-નાશીક મહારાષ્ટ્ર) ની અટકાયત કરવામાં આવી હતી.

## સોનગઢ બસ ડેપોમાં મેડિકલ ચેકઅપ કેમ્પનું આયોજન કરાયુ



**(પ્રતિનિધિ દ્વારા, ઉકાઈ) :** તા.૩૦. ૦૯. ૨૦૨૪ સોમવાર ના રોજ ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ સુરત વિભાગના સોનગઢ ડેપો ખાતે ફરજ બજાવતા ડ્રાઈવર સાથે કંડકટર કર્મચારીઓની બસમાં નૌકરી કરવા માટે તેઓની કામગીરી મહદઅંશે તણાવભરી રહે છે, જેથી તેઓને સ્વાસ્થ્યલક્ષી બીમારી થી બચાવવા અને તેઓની તંદુરસ્તી જળવાય રહે તે માટે તેમજ ગોજારા અસ્માત નિવારી શકાય તે હેતુથી વિભાગીય નિયામક શ્રી પી.વી. ગુર્જર સાહેબ ના માર્ગદર્શન હેઠળ સોનગઢ ડેપો મેનેજરશ્રીએ કિરણ હોસ્પિટલ સુરતના ચીફ અધિકારી સાથે વાતચીત કરી સોનગઢ ડેપો ખાતે એક સુંદર મેડિકલ ચેકઅપ કેમ્પનું આયોજન કર્યું હતું. જેમાં કર્મચારીઓના સુગર પ્રેશર અને આંખની તપાસ સાથે સાથે ઈ. સી. જી.ની પણ તપાસ કરવામાં આવી હતી. જેથી સોનગઢ ડેપોના કર્મચારી ઓએ આનંદની લાગણી અનુભવી હતી. ત્યાર બાદ અંતે ડેપો મેનેજરશ્રીએ કિરણ હોસ્પિટલ થી પધારેલ તમામ ડોક્ટર અને કર્મચારી ભાઈ સાથે બહેનોએ આભાર વ્યક્ત કર્યો હતો.

# "તેરા તુજકો અર્પણ" : ચોરીમાં ગયેલ એક કિલો ચાંદી રીકવર કરી માલિકને પરત કરતી પોલીસ





**(પ્રતિનિધિ દ્વારા, વ્યારા)** : તાપીના નિઝર પો.સ્ટે.માં ગઇ તા.૨૦/૦૧/૨૦૨૪ના રોજ નોંધાયેલ ગુના મુજબ નિઝર ગામથી એક-બે કી.મી.ના અંતરે નંદુરબાર જતા રોડની સાઇડમાં બનેલ હતો. જેમા રોજીંદી રીતે વેલ્દાથી દુકાન બંધ કરી નંદુરબાર ઘરે જતી વખતે નિઝર ગામથી એક-બે કી.મી.ના અંતરે પોતાની એકટીવા ગાડી રોડની સાઈડમા ઊભી રાખી પેશાબ કરતા હતા તે વખતે નંબર પ્લેટ વગરની પલ્સર બાઈક ઉપર બે અજાણ્યા યુવકોએ આવી ગાડી ઉપર મૂકેલ ચાંદી ચોરી કરી નંદુરબાર તરફ નાસી છૂટ્યા હતાં.આ ગુનામાં ખાનગી બાતમી આધારે તથા શકમંદ ઇસમોને ટેકનીકલ એનાલીસીસ તથા હ્યુમન રીસોર્સ આધારે માહીતી મેળવી આરોપી – કમલેશ ભાઇ આપસિંગભાઇ વળવી ઉ.વ.૨૪ ધંધો-મજુરીકામ રહે-વ્યાહુર ગામ હનુમાન મંદિરની સામે તા. જી.નંદુરબાર (મહારાષ્ટ્ર) ની પુછપરછ કરતા તેઓ પોતાનો ઉપરોક્ત ગુનો કબુલ કરતા અને આ ગુનામાં અન્ય બીજા આરોપીઓ સુરજભાઇ શરદભાઇ પાડવી ઉ.વ.૨૦ ધંધો-મજુરી રહે-નલવા ગામ હનુમાન મંદિરની સામે તા.જી.નંદુરબાર તથા ઋષિંદ્ર ભાઇ રવિંદ્રભાઇ રહે-નારાયણપુર પાપનેર મહારાષ્ટ્ર તથા દેવીદાસ રઘુનાથ પવાર રહે, નારાયણ પુર, પાપનેર તા.જી. નંદુરબાર (મહારાષ્ટ્ર) ની પુછપરછ કરતા આ ગુનો કબુલ કરતા. જેઓની અટક કરી ગુનો શોધી કાઢેલ. તેમજ આ ગુનામાં ચોરીમાં ગયેલ ચાંદીના અલગ અલગ પ્રકારના કુલ્લે નંગ – ૧૬ જેનું કુલ વજન ૦૧ કિલ્લો જેની કુલ્લે કિંમત રૂા. ૭૦, ૦૦૦/- જે મુદ્દામાલ રીકવર કરી મુળ માલીક રવિંદ્રભાઇ ગોવિંદભાઇ સોનાર રહે, સોનાર ગલ્લી નંદુરબાર, તા. જી. નંદુરબાર ( મહારાષ્ટ્ર) ને પરત કરવા માં આવેલ છે.

## વ્યારામાં નોંધાયેલ ગુનાહિત વિશ્વાસઘાતના ગુન્હામાં છેલ્લા છ વર્ષથી નાસતા ફરતા વોન્ટેડ આરોપીને પકડી પાડતી લોકલ ક્રાઇમ બ્રાંચ તાપી તથા પેરોલ ફર્લો સ્કોર્ડ



**(પ્રતિનિધિ દ્વારા, વ્યારા)** : ગઇ તા.૦૪/૧૦/૨૦૨૪ ના રોજ શ્રી ડી.એસ. ગોહીલ, પોલીસ ઈન્સ્પેકટર, એલ.સી. બી. તાપીની સીધી સુચના અને માર્ગદર્શન હેઠળ પો.સ.ઇ.શ્રી, એન. જી. પાંચાણી એલ. સી. બી. તાપી, એલ.સી.બી./ પેરોલ ફર્લો સ્કોડ, તાપીના પોલીસ માણસો સાથે ખાનગી વાહનમાં પેટ્રોલીંગમાં હતા અને પોત પોતાના અંગત બાતમીદારો રોકી નાસતા-ફરતા/ વોન્ટેડ આરોપી બાબતે માહિતી મેળવવા તજવીજ હાથ ધરેલ હતી તે દરમ્યાન સાથે એ.એસ.આઇ ગણપતસીંહ રૂપસિંહ તથા અ.હે.કો. વિનોદભાઇ પ્રતાપભાઇને મળેલ સંયુકત બાતમી આધારે ભરૂચ ખાતે થી વ્યારા પો.સ્ટે.મા નોંધાયેલ ગુનાહિત વિશ્વાસઘાત મુજબના ગુનાના કામે સંડોવાયેલ નાસતો ફરતો વોન્ટેડ આરોપી- ચેતન નારણભાઈ પાટીલ ઉ.વ.૩૮ ધંધો.નોકરી બેંક ઓફ બરોડા લીક રોડ બ્રાન્ચ રહે.શહજાન લકઝુરીયઝ રૂમ નં-ડી-૯૦૧ તા.જી.ભરૂચ મુળ રહે.બી-૧૦૩ પેનીનસોલા પાર્ક ડી-માર્ટની પાસે વિરાર વેસ્ટ મુંબઇનાને તા.૦૪/૧૦/ ૨૦૨૪ ના રોજ અટક કરી આગળની વધુ કાર્યવાહી માટે વ્યારા પો.સ્ટે.ને સોંપેલ છે.કામગીરી કરનાર ટીમ :- પો.ઇન્સ. શ્રી ડી.એસ. ગોહીલ એલ. સી. બી. તાપીની સુચનાથી પો.સ.ઈ.શ્રી એન. જી. પાંચાણી, એલ. સી.બી. તાપી તથા એ. એસ. આઇ. ગણપત સિંહ રૂપસિંહ, અ. હે. કો. વિનોદભાઇ પ્રતાપ ભાઇ, અ. હે.કો. ધર્મેશભાઇ મગન ભાઇ, પો.કો. અરૂણભાઈ જાલમ સિંહ, અ. પો. કો. રોનકકુમાર સ્ટીવનસનભાઇ તથા પેરોલ ફર્લો સ્કોડના પો. કોન્સ.ધનંજયભાઇ ઈશ્વર ભાઈએ કામગીરી કરેલ છે.